

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

થોભાવો કોઈ પણ વાહન એમાં દારૂ મળશે !
ઘર, દૂકાન કે ગોડાઉનમાંથી દારૂ મળશે !
દારૂ મળશે સર્વત્ર અહીં છે દારૂની ગંગોત્રી -
બંધી છે છતાં, દેશી-વિદેશી, અહીં દારૂ મળશે !

### હાઈકુ

કડકે જામો !?
જાણે કાશ્મીરી સીમા ?
તો, આવો કયાંથી ?
(દારૂનો આતંક!)

બૂટલેગરો -
પોલીસ બદલાય -
હપ્તા કાયમી ?!
(શું બદલી એ જ ઉકેલ ?)

### ચિંતન

**પાંચ ઘાત કા પિંજરા, સો તો અપના નહીં,**
**અપના પિંજરા વહાં બસે, અગમ અગોચર માંહિ.**

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પાંચ તત્ત્વનું મનુષ્યનું સ્થૂળ શરીર બનેલું છે. પણ કબીર કરે છે કે કંઈ આપણું નથી. સ્થૂળ શરીર એ આપણાં આત્માનું ઘર છે એવું મૃત્યુલોકનો માનવી સમજે છે, પણ આપણું ખરું ઘર તો અગમ-અગોચર છે. જયાં ઈન્દ્રિયો પહોંચી શકતી નથી. એ ઘર ખરું એટલા માટે છે કે ત્યાં કોઈ સાંસારિક માયા-મમતા કે તૃષ્ણા પહોંચી શકતી નથી.

કબીર કહે છે કે એ દેહરૂપી પિંજરમાં પરમાત્મા - આત્મા સ્વરુપે વાત કરે છે.

### સુવિચાર

- સારો લેખક ચીસ પાડીને નહિ બોલે, ધીરેથી કામમાં કહેશે - **લોગન સ્મીથ**
- લાગણીનું મૂલ્ય કેટલું ? તમે એની ખાતર જેટલો ભાગ આપવા તૈયાર હો એટલું - **સંત રોબિન**
- રૂઢિચુસ્ત એટલે એવો માણસ કે જેને સામસાજા પૂરા બે પગ છે, પણ એ કદી ચાલતો શીખ્યો નથી - **રૂઝવેલ્ટ**
- બધી બાજુથી નાસીપાસ થાય ત્યારે માણસમાં ડહાપણ આવે છે, રાષ્ટ્રોનું પણ એવું જ છે - **બરાબ ઓબામા**
- ‘હું આ છું’ એવો વિચાર ન કરવો તેનું નામ મોક્ષ - **બુદ્ધ**
- પુન્ય કે મારગ ચાલતાં જખ સારો સંસાર - **મીરાં**
- આજનું ઔષધ : માથાના દુ:ખાવામાં સફેદ ડુંગળીનો રસ પગના તળિયે ઘસવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સિગ્મંડ ફ્રોઈડ (Froid) એમના બાળકોને લઈ પત્ની સાથે બગીચામાં ફરવા ગયા. પતિ-પત્ની વાતોમાં મશગુલ હતા ત્યાં એક બાળક ખોવાઈ ગયું. પત્ની એ ગભરાટમાં ફ્રોઈડ ને ગુસ્સામાં ન કહેવામાં કહ્યું પણ ફ્રોઈડ તો બિલકુલ શાંત અને ધીરજ રાખીને બેઠા હતા. ફ્રોઈડે શાંત પાડવા પત્નીને કહ્યું ‘જરાય ગભરાવાની જરૂર નથી, ચિંતા કરવાની જરૂર નથી. બાળક મળી જશે...’ પત્ની કહે, ‘શું શોધખોળ કર્યા વગર મળી જશે?’ ત્યારે તમે બાળકને કયાંય નહીં જવાની સૂચના આપી હતી. ‘પત્ની કહે, ‘હા મે બાળકને કમળનાં ફુલોનું જે નાનું પોન્ડ છે ત્યાં નહીં જવાની સૂચના આપી હતી.’ ફ્રોઈડે કહ્યું, ‘બસ તો બાળક એ કમળના પોન્ડ પાસે જ હશે, જોએ તપાસ કરી બાળકને લઈ આવો...’ ફ્રોઈડની પત્નીને આશ્ચર્ય થયું કે તેમના પતિને કેવી રીતે ખબર પડી કે બાળક કમળના પોન્ડ પાસે જ હશે ! મનોવિશ્લેષણ ફ્રોઈડે આ રહસ્ય સમજાવતાં કહ્યું, ‘બાળક ત્યાં જ જશે, જયાં તમે એને જવાની મનાઈ કરી હશે, એ આવું ઈરાદાપૂર્વક કરશે કે જે માટે એને મનાઈ કરવામાં આવી હશે.’

# યુદ્ધ ટાળવામાં જ શાણપણ છે

**તંત્રીસ્થાનેથી...**

બેઉ પાડોશી દેશો વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે ત્યારે પાકિસ્તાનના વડાપ્રધાને કરેલી અપીલ ભળે એમના પક્ષે પારોઠનાં પગલાં ગણાય પરંતુ માનવતાની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. ઈમરાનખાને દર્દભરી અપીલ કરતાં કહ્યું છે કે એક વાર પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહેશે તો પછી હું કે મોદી - કોઈ એને રોકી નહીં શકીએ. ભલે મજબૂરીવશ કરાયું હોય પણ આ નિવેદન દુનિયાભરના શાંતિપ્રિય લોકોને સમયસરનું લાગ્યું છે. એવું જ નોંધપાત્ર નિવેદન આપણા પકડાયેલા પાઈલટ સંદર્ભે પૂર્વ પાક વડાપ્રધાન બેનઝીર ભુટ્ટોનાં ભત્રીજી ફાતિમાએ આપ્યું છે. ભારતીય પાઈલટ અભિનંદનસિંહની સાથે સન્માનપૂર્વક વર્તવાનો આગ્રહ સેવી આ મહિલાએ વિશ્વશાંતિના ચાહકોમાં પાકિસ્તાની નાગરિકો પણ સામેલ હોવાની પ્રતીતિ કરાવી છે. કમનસીબે આખી ઘટનાના મૂળમાં તો વર્ષો જૂની ભારત પ્રત્યેની દ્વેષભાવના જ પડેલી છે. બેઉ દેશો ખરું પૂછો તો અંગ્રેજી શાસનકાળના અખંડ હિંદુસ્તાનના જ બે ટુકડા છે. બેઉને એકબીજાની વિરુદ્ધ કરી દઈ અંગ્રેજો તો ચાલ્યા ગયા - પરંતુ એક યા બીજા નિમિત્તે બેઉ દેશો વચ્ચે મનમુટાવ ચાલુ જ રહ્યો છે. કાશ્મીરનો પ્રશ્ન શરૂથી જ બેઉ માટે ગળામાં ફસાયેલું હાડકું બની રહ્યો છે. પાકિસ્તાને બધાં નૈતિક મૂલ્યો નેવે મૂકી ભારત સામે આતંકવાદીઓના ઓઠા હેઠળ પ્રોક્સી યુદ્ધ ચાલુ જ રાખ્યું છે. એનું છેલ્લું ઉદાહરણ પુલવામા ખાતે સીઆરપીએફના કાફલા ઉપર આયોજનપૂર્વક કરાવાયેલા હુમલો હતું. એમાં ચાળીશ જેટલા સૈનિકો શહીદ થઈ જતાં દેશ ભરમાં પાકિસ્તાન સામે ભારે રોષ ભભૂકી ઊઠ્યો હતો. સેનાની ત્રણે પાંખો પાકિસ્તાનની છત્રછાયા હેઠળ ચાલી રહેલી નાપાક આતંકી શિબિરોનો સફાયો કરવા કૃતસંકલ્પ હતી. કેન્દ્ર સરકારે સેનાને એની અનુકૂળતાએ પગલાં ભરવાની મંજૂરી આપી હતી. એ મુજબ પાક અધિકૃત કાશ્મીરના બાલાકોટના ડુંગરાળ વિસ્તારમાં ચાલતા જૈશ-એ-મોહંમદના આતંકી કેમ્પ પર ત્રાટકી ભારતીય વાસુસેનાએ સાડા ત્રણસો જેટલા આતંકવાદીઓને ફૂંકી માર્યા હતા. આ કોઈ ‘યુદ્ધ’ ની વ્યાખ્યામાં આવે એવો હુમલો નહોતો. લાઈન ઓફ કંટ્રોલ જરૂર ઓળંગવી પડી હતી કારણ કે એ સિવાય તો આતંકવાદી અડ્ડાને નષ્ટ કરી શકાય એમ નહોતો, પરંતુ પાકિસ્તાને એને ‘યુદ્ધ’ જ માની લીધું અને આતંકવાદી અડ્ડો જાણે પાક આર્મીનો કેમ્પ હોય એમ એના પરનો હુમલાને પાક આર્મી ઉપરનો હુમલો માની ભારત પર ફાઈટર પ્લેનથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો. પાકિસ્તાનના ફાઈટલ પ્લેનથી હુમલો કરવાનો પ્રયાસ કર્યો. પાકિસ્તાનના ફાઈટર પ્લેનને ભારતે તોડી પાડ્યું એમ ભારતીય મિગ-૨૧ પાક સરહદમાં ક્રેશ થયું. આપણો પાઈલટ એમના કબજામાં છે. જેની સાથે ભારે દુર્વ્યવહાર થઈ રહ્યો હોવા છતાં એને પોપટની જેમ પાક અફસરો બોલાવે તે બોલવું પડતું હોય તે બનવાજોગ છે. દુનિયામાં સૌથી ઘાતકી સેના પાકિસ્તાનની ગણાય છે. જેને માનવતા કે કરુણા જેવા શબ્દો સાથે સ્નાનસૂતકનો સંબંધ નથી. જિનેવા કરાર મુજબ ‘પ્રિઝનર ઓફ વૉર’ - યુદ્ધ કેદી સાથે સમ્માનપૂર્વક વ્યવહાર થવો જોઈએ. પાકિસ્તાનને અત્યાર સુધીના ઈતિહાસમાં ભારતીય યુદ્ધ કેદીઓ સાથે કરેલ દુર્વ્યવહાર જાણીતો છે. આશા રાખીએ કે ભારતીય પાઈલટ અભિનંદનસિંહને વેળાસર હેમખેમ પાછા મેળવવામાં ભારત સરકારને સફળતા સાંપડે.

# જયોતિર્લિંગનું મહિમાગાન

સોરઠ દશ સોહામણો છે,નિર્મળ છે. ત્યાં ભક્તિ પ્રદાન કરવા, દયાપૂર્વક સોમનાથ અવતર્યા છે. એ જયોતિર્મય છે. (૧)


શ્રીશૈલ પર્વતનું શિખર એકદમ ઊંચું છે. અહીં દેવો પ્રસન્નતાથી સતત રહેતા હોય છે. ત્યાં મલ્લિકાર્જુન છે. એ સંસારના સમુદ્રને પાર કરવાનો સેતુ છે. એને મારા પ્રણામ છે. (૨)

સજ્જનોને મુક્તિ આપવા માટે ઉજ્જયિનીમાં એજાણે અવતાર લીધો છે. એ અકાળમૃત્યુ થકી બચાવનારા છે. એ મહાકાળનો, મહાન સુરેશને મારા વંદન છે. (૩)

કાવેરી નદી અને નર્મદા નદીના પવિત્ર સંગમ ઉપર માન્ધાતાનું નગર આવેલું છે. અહીં સજ્જનોને કાયમને માટે તારવા એકમાત્ર કલ્યાણકારી ૐ કારેશ્વર વસેલા છે. એની હું સ્તુતિ કરું છું. (૪)

પૂર્વોત્તર દિશાની સ્મશાન ભૂમિમાં એ હંમેશાં પાર્વતી સાથે જ રહે છે. એ શ્રી વૈદ્યનાથને હું નમન કરું છું. દેવો અને અસુરો - સૌ કોઈ એના ચરણકમળની પૂજા કરે છે. (૫)

દક્ષિણમાં સદંગ નામે અતિયશ સુંદર નગર છે. અહીં અનેક પ્રકારના ભોગથી સંપન્ન થઈને સુશોભિત અંગવાળા શ્રીનાગનાથ છે. એ એક સાથે સારી ભક્તિ અને મુક્તિ આપવામાં સમર્થ છે. હું એનું શરણ લઉં છું. (૬)



એ મહાન પર્વત હિમાલયની પાસે કેદાર શિખર ઉપર આનંદપૂર્વક રહેલા છે. મુનિવરો એની પૂજા સતત કરતા રહે છે. એવી જ રીતે દેવો, અસુરો, પક્ષો, મહા સર્પો સૌ કોઈ એને પૂજતા રહે છે. એ એક માત્ર કલ્યાણ સ્વરુપ કેદારનાથની હું સ્તુતિ કરું છું. (૭)



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ગોદાવરી નદીને કિનારે પવિત્ર દેશ છે. અહીં સહ્યાદ્રિના નિર્મળ શિખર ઉપર એ રહેલા છે. એના માત્ર દર્શનથી તરત જ પાપનો નાશ થાય છે. એ ત્ર્યંબકેશ્વરની હું સ્તુતિ કરું છું (૮)

તામ્રપર્ણી નદી અને સાગરનો સંગમ થાય છે ત્યાં શ્રીરામ ચંદ્રે અસંખ્ય બાણોથી સેતુ બાંધ્યો. પછી રામેશ્વરની સ્થાપના કરી. એનો હું નિયમપૂર્વક પ્રણામ કરું છું. (૯)

ડાકિની અને શાકિનીના સમુદાયમાં રહેલા પ્રેતો એની સતત સેવા કરે છે. એ પ્રસિદ્ધ ભીમશંકર છે. એ ભક્તોનું હિત કરે છે. એને નમન (૧૦)

આ કાશીક્ષેત્રમાં આનંદપૂર્વક રહેલા છે. પોતે જ આનંદ સ્વરુપ છે. એ પાપસમૂહનો નાશ કરે છે. એ અનાથોના નાથ છે. એ કાશીપતિ શ્રી વિશ્વનાથને હું શરણે રહેલો છું. (૧૧)

આ બાર જયોતિર્લિંગ લિંગ છે. એ શિવ સ્વરુપ જ છે. એમને ક્રમપૂર્વક કહેલા છે. કોઈ પણ મનુષ્ય ભક્તિ પૂર્વક આ સ્તોત્રનો પાઠ કરે તો, જયોતિર્લિંગોનાં દર્શનથી જે ફળ મળતું હોય; એ ફળને પ્રાપ્ત કરે છે.

# પીપાવાવ બંદર કયા જિલ્લામાં આવેલ છે?

## ભારતની ભૂગોળ

૧ ગુજરાતમાં સૌ પ્રથમ રેલ્વેની શરુઆત ૧૮૮૫માં કયાં બે સ્ટેશનો વચ્ચે થઈ હતી ?
(અ) ઉતરાણ - અંકલેશ્વર (બ) અંકલેશ્વર - વડોદરા
(ક) વડોદરા - અમદાવાદ (ડ) સુરત - મુંબઈ

૨ હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર કયાં આવેલું છે ?
(અ) ભાવનગર (બ) વડોદરા
(ક) અમદાવાદ (ડ) જામનગર

૩ ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઈઝર્સ કંપની કયાં આવેલી છે ?
(અ) વાપી (બ) વડોદરા
(ક) અંકલેશ્વર (ડ) ભરૂચ

૪ પીપાવાવ બંદર કયા જિલ્લામાં આવેલ છે?
(અ) ભાવનગર (બ) અમરેલી
(ક) જામનગર (ડ) કચ્છ



## ખજાનો

અનિલ પટેલ

૫ કચ્છી સાહિત્ય અકાદમીમાં આવેલી છે?
(અ) ભૂજ (બ) મુન્દ્રા
(ક) વડોદરા (ડ) ગાંધીનગર

૬ વોટસન સંગ્રહાલય કયાં આવેલું છે?
(અ) સુરત (બ) રાજકોટ
(ક) વડોદરા (ડ) ભાવનગર

૭ ગુજરાતની કઈ નદીને ‘મેકલ કન્યા’ ? તરીકે પણ ઓળખવામાં આવે છે?
(અ) તાપી (બ) મહી
(ક) નર્મદા (ડ) મહીસાગર

૮ છોટુભાઈ પુરાણી વ્યાયામ શાળા કયાં આવેલી છે ?
(અ) રાજપીપળા (બ) ગોધરા
(ક) હાલોલ (ડ) વડોદરા

૯ ગુજરાતનું કયું મંદિર કર્કવૃત્ત પર આવેલું છે ?
(અ) સોમનાથ (બ) અંબાજી
(ક) મોઢેરા સૂર્યમંદિર (ડ) ડાકોરનું મંદિર

૧૦ ગુજરાતની કઈ નદીનો ટોલેમીએ ‘મોફિસ’ તરીકે ઉલ્લેખ કર્યો છે ?
(અ) નર્મદા (બ) અંબિકા
(ક) ઓરસંગ (ડ) મહી

૧૧ જુગતરામ દવેનો આશ્રમ કયા સ્થળે આવેલો છે ?
(અ) મઢી (બ) વેડેછી
(ક) સણોસરા (ડ) ઝીલીયા

૧૨ જેસોરની ટેકરીઓ કયા જિલ્લામાં આવેલી છે ?
(અ) કચ્છ (બ) બનાસકાંઠા
(ક) અરવલ્લી (ડ) સાબરકાંઠા

૧૩ રિખવદેવનો જૈન મેળો કયા જિલ્લામાં ભરાય છે ?
(અ) ભરૂચ (બ) સુરત
(ક) વલસાડ (ડ) નવસારી

૧૪ તાલ્વ ધ્વજપુરી એ કયા શહેરનું પ્રાચીન નામ છે ?
(અ) તલગાજરડા (બ) તરણેતર
(ક) તળાજા (ડ) તુલશીશ્યામ

૧૫ બુલંદ ટાવર ગુજરાતના કયા શહેરમાં આવેલું છે ?
(અ) વડોદરા (બ) જામનગર
(ક) ખંભાત (ડ) ભૂજ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧લી માર્ચ :**
  - વિશ્વના મહાન માનવતાવાદી ઈતિહાસકાર આર્નોલ્ડ ટોયન્લીનો જન્મ દિવસ (૧૮૮૯)
  - મેઘમણી ડાયકેમના સ્થાપક અને સ્ત્રી કેળવણીનો પ્રોત્સાહન આપનાર જયંતિભાઈ એમ. પટેલનો જન્મદિવસ (૧૯૫૨)
  - સાહિત્યકાર જયંત પાઠકની પુણ્યતિથિ (૨૦૦૩)
  - અમેરિકાના પ્રથમ પ્રમુખ જયોર્જ વોશિંગ્ટનની જન્મજયંતિ (૧૭૩૨)
- **૨જી માર્ચ : કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષાબળનો સ્થાપના દિન**
  - ગ્રામ અર્થકારણના નિષ્ણાંત તથા ગાંધીજી અને સરદાર પટેલના સાથી એવા દાદુભાઈ દેસાઈનું નિધન (૧૯૫૯)
  - ડેનિયલ ક્રેગનો જન્મ દિવસ (૧૯૬૮)
  - પ્રસિદ્ધ અમેરિકન લેખકડે સ્પુઝનો જન્મદિવસ (૧૯૦૪)
- **૩જી માર્ચ :**
  - ઉર્દૂ ગઝલના સદાબહાર કવિ ફિરાક ગોરખપુરીનું નિધન (૧૯૮૨)
  - ભારતના અર્વાચીન ઉદ્યોગના પ્રણેતા સર જમશેદઝી તાતાનો જન્મ દિવસ (૧૮૩૯)
  - ટેલિફોનના શોધક એલેકઝાન્ડર ગ્રેહામ બેલની જન્મજયંતિ (૧૮૪૭)
  - ભારતીય સિંગર શંકર મહાદેવનનો જન્મ દિવસ (૧૯૬૭)
- **૪ માર્ચ : રાષ્ટ્રીય સુરક્ષા દિવસ**
  - વીજળીથી ચાલતી દુનિયાની પ્રથમ ટ્રામગાડીની શરુઆત થઈ (૧૮૮૨)
  - અમદાવાદમાં આકાશવાણી કેન્દ્ર (રેડિયો કેન્દ્ર)ની સ્થાપના (૧૯૪૯)
  - નવી દિલ્હીમાં સૌ પ્રથમ એશિયાડ રમતોત્સવનો પ્રારંભ (૧૯૫૧)
  - ભારતના પ્રથમ વિમાન વાહક જહાજ આઈએનએસ વિક્રાંતનો નૌકાદળમાં સમાવેશ (૧૯૬૧)
- **૫ માર્ચ :**
  - રશિયાને મજબુત બનાવનાર સામ્યવાદી જગતના સૂત્રધાર જોસેફ સ્ટાલિનનું નિધન (૧૯૫૩)
  - સેમ્યુઅલ કોલ્ટે રિવોલ્વરની શોધ કરી (૧૮૩૬)
  - દુનિયામાં પરમાણું શસ્ત્રોના પ્રસાર પર પ્રતબિંધ (૧૯૭૦)
  - કવિ ગની દહીં વાલાની પુણ્યતિથિ (૧૯૮૭)
- **૬ માર્ચ :**
  - ગુજરાતના પ્રથમ હાસ્યકાર અને સર્જક રમણભાઈ નીલકંઠનું નિધન (૧૯૨૮)
  - શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર અને લલિત કલાઓમાં ઉત્કૃષ્ટ સર્જન કરનાર માઈકલ એન્જેલોનો જન્મદિવસ (૧૪૭૫)
  - સુયોઝ - ૩૯ અંતરીક્ષયાન પૃથ્વી પર પાછું આવ્યું (૧૯૮૧)
  - દાઉદી વોરા સમાજના ધર્મગુરુ ડૉ. સૈયદ સાહેબનો જન્મદિવસ (૧૯૧૫)
- **૭ માર્ચ :**
  - સાહિત્યકાર બાલમુકુંદ દવેનો જન્મદિવસ (૧૯૧૬)
  - ભારતના મહાન સંત પરમહંસ યોગાનંદનું નિધન (૧૯૫૨)
  - આયુર્વેદાચારાય્ અને માનવસેવા વ્રતધારી યાદવજી આચાર્યની પુણ્યતિથી (૧૯૫૬)
  - સચ્ચિદાંદ વાત્સાયન ‘અગ્નેય’ની જન્મજયંતિ (૧૯૧૧)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**વિશ્વ ચકલી દિવસ કયારે ઉજવાય છે ? જવાબ : ૨૦ માર્ચ**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૨) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૩) નટુભાઈ દરજી : પેથાપુર (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૫) મહેશ એમ. જાદવ : ગૂ. વિદ્યાપીઠ (૬) રૂચિત એ. પટેલ : ગાયત્રી રેસી. ધોળેશ્વર પાસે (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૮) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)


**ભારતીય વાયુસેનાના ચીફ કોણ છે ?**

**‘ગાંધીનગર સમાચાર’- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# નાપાસ થવું તે ગુનો નથી, પણ નાસીપાસ થવું તે ગુનો છે

આજે પરિણામ આવવાનું છે. લાખો વિદ્યાર્થીઓએ પરીક્ષા આવી છે. તે પરિક્ષામાંથી ઘણાં વિદ્યાર્થીઓ પાસ થશે તો ઘણા વિદ્યાર્થીઓ નાપાસ થસે. પાસ અને નાપાસ થવું એ પરીક્ષાનો એક ભાગ છે. જેનાથી ભવિષ્યમાં આપણે શું કરવાનું છે. તેનો માર્ગ મળે છે. પછી ભલે ને તમે નાપાસ કે પાસ થયા હોય. આમ છતાં નાપાસ થનારાં કેટલાંક વિદ્યાર્થીઓ નાપાસ થવું તેને એક ગુનો કર્યો હોય તેમ માને છે. શાળા કૉલેજમાં એવા ઘણા વિદ્યાર્થીઓ હોય છે જેમ કે કોઈ ચોક્કસ કામમાં ધાર્યા કરતાં ખૂબ જ ઓછું પરિણામ આવ્યું હશે. તેમની ઈચ્છા અપેક્ષા સારા પરિણામની હતી પણ તે અપેક્ષા નહીં સંતોષવા તેઓ માનસિક રીતે દુ:ખી થતાં જોવા મળે છે. ઈચ્છા ન સંતોષાતા દુ:ખી થવું તે સહજ સ્વાભાવિક પ્રક્રિયા છે. પણ અપેક્ષા ન સંતોષાય ત્યારે ભય કે શંકા ઉદ્ભવે. પોતે પોતાની જાતે ને લઘુતાથી જુએ તે સારી બાબત નથી. કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કામ હાથ પર લે તો કામની સાથે સફળતા અથવા નિષ્ફળથા સંકળાયેલ જ હોય છે જે પ્રાપ્ત થાય તેનો સ્વીકાર કરશે તો સારા માણસની નિશાની છે.




પરીક્ષામાં ઓછા પરિણામને કારણે કેટલાંક વિદ્યાર્થીઓના વર્તન અને વિચારમાં નકારાત્મક ફેરફાર જોવા રાખીને બેસી રહે. નકારાત્મક પણ કરે કે હવે મારું શું થશે, લોકો મને શું કહેશે. મને એડમિશન નહીં મળે. મિત્ર મારા માટે શું વિચારશે? વગેરે કયારેક તેઓ ઘરથી ભાગી જવાનો કે દુનિયા છોડી દેવાનો અત્યંત ખરાબ નિર્ણય પર લે છે. જે વિદ્યાર્થીઓ આવું વિચારતાં હોય છે. તેમના ઉપરોક્ત તમામ વિચાર ખોટા છે. જે ખોટા આવેગને કારણે આવેલા વિચારો છે, જેનો અમલ કરીને તમારી જાતને કે તમારા વાલીને નુકશાનમાં ન ધકેલાશો.



## રંગ-ઉમંગ

કાનન ઓઝા

ઓછું પરિણામ આવે ત્યારે દુ:ખ થાય એ સ્વાભાવિક છે, પણ તે નક્કર વાસ્તવિકતા છે તેનો સ્વીકાર કરો તમારી જાતને સહેજ પણ હલકી કે નીચી ગણવાની જરૂર નથી. ઓછું પરિણામ મેળવનારા માત્ર તમે એકલા નથી તમારા જેવાં હજારો વિદ્યાર્થીઓએ માટે આ દુનિયામાંત તેમના ને જ ઓછું પરિણામ મળ્યું છે. તેમ માનવાની જરૂર નથી. ભાઈ. જેને પરીક્ષા આપી હોય તેને જ સારું કે ખરાબ પરિણામ આવે. પરીક્ષા જ ન આપી હોય તેને ન આવે. પરિણામ ઓછું આવવાથી તમે ડફોળ છો. તમે મહેનત નહોતી કરી. તેમ માનવાને કોઈ કારણ નથી. તમારામાં એવી ઘણી ખૂબીઓ હશે કે જે બીજા અન્યમાં ન પણ હોય. તમે તમારા મિત્ર, કે મમ્મી, પપ્પાને પૂછો કે, ‘મારામાં રહેલી ત્રણ ખૂબીઓ બતાવો.’ અથવા તો તેમ એમ પૂછો કે, તમારામાં એવી કઈ ત્રણ બાબત છે કે જે તમારા મિત્ર, મમ્મી કે પપ્પાને ખૂમ ગમે છે. આમ દોસ્તો તમારામાં રહેલી સારી બાબતોને યાદ કરીને અત્યારે મળેલી નિષ્ફળતાને ભૂલવાનો પ્રયત્ન કરો. અભ્યાસમાં નાપાસ થયા છો. વાંધો નહીં. શા માટે નાપાસ થાઓ છો ? નાપાસ થવું તે ગુનો નથી, પણ નાપાસ થયા પછી નાસીપાસ થવું તે ગુનો છે. મોટા મહાનુભાવ ગણાતા વ્યક્તિના જીવન વિશે કોઈને પૂછો કે પુસ્તકો વાંચો. મોટાભાગના મહાન વ્યક્તિઓને અનેકવાર અનેક નિષ્ફળતા મળેલી જ હોય છે. આમ સફળતા માટે નિષ્ફળતામાંથી પસાર થવું જ પડે છે. નિષ્ફળતા એ સફળતાનું પ્રથમ પગથિયું છે. ટોમ વોટ્સને કહેલું કે જો તમારે સફળ થવું હોય તો નિષ્ફળતાનું પ્રમાણ બમણું કરી દો. નિષ્ફળતા પછી તમે પસંદ કરેલ માર્ગ જ તમારા ચારિત્ર્યની ખાડી ખાય છે. તમારા ભવિષ્યને નક્કી કરે છે માટે જ નિષ્ફળતા પછી શું કરવું તે ખૂબ જ સમજી વિચારી શાંત મગજે નિર્ણય લેવો. ઉતાવળમાં ઝડપી નિર્ણય ખોટો પડવાની શક્યતાને વધારી દે છે. નિષ્ફળતા મળ્યા પછી તેના કારણો શોધો, પ્રયત્ન કરો, વિશ્વાસ રાખો અને સમયની રાહ જુઓ. આમ નિષ્ફળતાને સફલતામાં ફેરવવા માટે 2CT ને ધ્યાનમાં રાખો. Cost, Try, Confidence, Time.

સફળ થવા માટેના જરૂરી ગુણો આપણામાં હોય છે. પંરતુ તેની જાણ આપણને નથી હોતી. તે ગુણો ઓળખી કાઢી ચોક્કસ દિશામાં પ્રયત્ન કરવાથી સફળતા આપણને શોધતી આવશે. ભૂલ થાય તે ભૂલ નથી પરંતુ ભૂલ થયા પછી ભૂલ સુધારવી નહીં તે ભૂલ છે. તમારા વિચારને હકારાત્મક બનાવો. પાણીથી ભરેલા અડધા ગ્લાસમાં અડધો ખાલી છે તેમ ન જોતાં અડધો ગ્લાસ ભરેલો છે તેમ જુઓ, તમને પોતાને જ તમારી જાત પર વિશ્વાસ નહીં હોય તો બીજાને તમારા પર કેવી રીતે વિશ્વાસ બેસશે ? સૌ પ્રથમ તો તમે પોતે મજબૂત બનીને હિંમત રાખો અને તમારા વાલી કે સમાજને બતાવી આપો કે ‘હમ ભી કીસી સે કમ નહીં.’